सत्यमेव जयते

કેશ પ્રાપ્તી તારીખ	૦૧/૦૨/૨૦૨૫
કેશ દાખલ તારીખ	૦૧/૦૨/૨૦૨૫
કેશ નીર્ણીત તારીખ	૦૨/૦૬/૨૦૨૬
અવધીઃ ૦૧ વર્ષ ૦૪ માસ ૦૧ દિવસ	

મહે. કડાણા (દિવડા કોલોની) ના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (જે.વી.ચૌહાણ) સાહેબ શ્રી ની અદાલત સમક્ષ, મું.કડાણા(દિવડા કોલોની).

ફોજદારી કેશ નં –૮૧/૨૦૨૫

આંક - ૩૩

ધીકાંન્તભાઇ બી. મોદી
ઉ.વ.આ ૫૨,ધર્મે હીન્દુ, ધંધો-નોકરી
(રીકવરી ઓફીસર શ્રી ધી સંતરામપુર અર્બન કો.ઓ.બેંક લી., માલવણ શાખા)
ઠે. મુ. માલવણ, તા. કડાણા,
જી. મહીસાગર. **.....ફરીયાદી**

વિરુધ્ધ

જોષી હીતેન્દ્રકુમાર શાંતિલાલ
ઉ.વ.આ પુખ્ત, ધંધો-ખેતી
રહે.મુ.પો. માલવણ, તા. કડાણા,
જી. મહીસાગર. **......આરોપી**

ગુન્હો :- ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮ મુજબ ફરીયાદ.

===

<u>એડવોકેટસ</u> : ફરીયાદી તરફે વિ. વકીલ શ્રી આર.એચ.પટેલ
આરોપી તરફે વિ.વકીલ શ્રી કે.ડી. પંડયા

===

<u>-:: ચુ કા દો ::–</u>

<u>*ફરીયાદીની ફરીયાદ :-*</u>

૧). ફરીયાદીએ હાલની ફરીયાદ એન.આઇ.એક્ટ ની કલમ-૧૩૮ હેઠળ દાખલ કરેલ છે અને જણાવેલ છે કે, ફરીયાદી ધી સંતરામપુર અર્બન કો.ઓ. બેંક માલવણ શાખામાં મેનેજર તરીકે ફરજ બજાવીએ છીએ, આરોપીને નાણાકીય જરુરીયાત ઉભી થતા ફરીયાદી ની શાખામાંથી રુ. ૫૦,૦૦૦/- ની પર્સનલ ધીરાણ ની માંગણી કરતા બેંકે જરુરીયાત મુજબની કાર્યવાહી કરી પર્સનલ ધીરાણ મંજુર કરેલ અને નીયમીત વ્યાજ અને હપ્તા ભરવાનુ સુચન કરેલ પરંતુ આરોપી એ નીયમીત હપ્તા વ્યાજ સાથે ના ભરપાઇ કરેલ નહી, જેથી ખાતુ એન.પી.એ થયેલ છે. પર્સનલ ધીરાણ ના નાણા સમયસર ના ભરતા આરોપીને વારંવાર કહેવા છતાં નાણા જમા કરાવેલ નહી અને આરોપીના માલવણ બ્રાંન્ચમાં આવેલ અને પુરતા નાણા ના હોઇ બેંન્ક ઓફ બરોડા, માલવણ શાખા નો ચેક તા.૦૬/૧૨/૨૦૨૪ ના રોજ નો જેનો નંબર ૦૦૦૦૩૨ નો રુ.૩૯,૪૨૭ નો હસ્તાક્ષરે તમામ વિગતો ભરી નીચે આરોપીએ સહી કરી આપેલ અને એવો વિશ્વાસ આપેલો કે તમો તમારા ખાતામાં ચેક નાખશો એટલે લેણી રકમ વસુલ મળી જશે, જે ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં ધી સંતરામપુર અર્બન બેંક, માલવણ શાખામના ખાતામાં ચાલતા પી.એલ. એકાઉન્ટ માં જમા કરાવેલ, જે ચેક "ફંડ ઇનસફીસીયન્ટ" ના શેરા સાથે તા.૦૬/૧૨/૨૦૨૪ ના રોજ વગર વસુલ્યે પરત થયેલ, જે અંગે ની જાણ બેંન્ક ધ્વારા કરેલ, જેથી ફરીયાદીએ વકીલ શ્રી મારફતે તા.૨૦/૧૨/૨૦૨૪ ના રોજ રજી.પો.એડી આપેલ અને જે આરોપીને તા.૨૧/૧૨/૨૦૨૪ ના રોજ મળી ગયેલ અને જે નોટીસનો આરોપીએ કોઇ જવાબ આપેલ નહી અને ફરીયાદીના બાકી લેણાની રકમ ચુકવેલ ન હોય, જેથી હાલની ફરીયાદ નેગોશિયેબલ ઇન્સટ્રુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮ હેઠળ દાખલ કરેલ છે.

૨). આ કામના આરોપી સામે હાલની ફરીયાદ રજુ થતા , આરોપીની સામે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ. જેથી આ કામના આરોપીને સમન્સ ધારાસર બજી જતા, આ કામના આરોપી કોર્ટમાં ઉપસ્થીત રહેલા છે. આ કામના આરોપીને બી.એન.એસ.એસ ૨૦૨૩ ની કલમ-૨૩૦ ના પ્રબંધો અનુસાર ફરીયાદ અરજી અને સાથેના કાગળો મળ્યાની ખાત્રી કરેલ છે. બાદ આરોપીનો જવાબ(પ્લી) આંક-૭ થી લેવામાં આવતા આરોપીએ ગુન્હાનો ઈનકાર કરતા, હાલની ફરીયાદ આગળ ચલાવવામાં આવેલ છે. અને ફરીયાદ પક્ષે નીચે મુજબનો પુરાવો નોંધવામાં આવેલ છે.

<u>ફરીયાદ પક્ષે રજુ કરેલ મૌખીક પુરાવો</u> :-

૧). ફરીયાદી ધીકાન્ત બી. મોદી નુ પુરાવાનુ સોગંદનામુ આંક-૪

<u>વધુમાં ફરીયાદ પક્ષે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો પણ રજુ કરેલ છે.</u>

૧) આરોપીએ આપેલ ચેક નં ૦૦૦૦૩૨ આંક-૯

૨) ચેક જમા કરાવ્યા ની અસલ સ્લીપ આંક-૧૦

૩) અસલ રીટર્ન મેમો આંક-૧૧

૪) આરોપીને આપેલ નોટીસ ની સ્થળપ્રત આંક-૧૨

૫) રજી.પો.એડી ની પોસ્તખાતાની અસલ પાવતી આંક-૧૩

૬) બજવણી સારુ પોસ્ટખાતાની ઓનલાઈન કોપી ની નકલ આંક-૧૪

૭) ફરીયાદ કરવા સારુ કરવામાં આવેલ ઠરાવ આંક-૧૫

ત્યારબાદ ફરીયાદી ની લંબાણ પુર્વક ઉલટ તપાસ લીધા બાદ અને ફરીયાદ પક્ષે જરુરી પુરાવા રજુ થયેલ હોવાનુ જણાવી અને વધુ પુરાવા રજુ કરવા નથી તેમ જણાવી આંક-૨૬ થી ક્લોઝીગ પુરશીસ રજુ રાખેલ છે અને ત્યારબાદ સદર કામ વિશેષ નીવેદન નોંધવા માટે રાખવામાં આવેલ. ત્યારબાદ કામ આરોપીનુ વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈનકાર કરેલ છે અને ખોટી રીતે ચેક બાઉન્સ કરાવેલ હોવાનુ જણાવેલ છે, તેમજ પોતાને સોગંદ ઉપર જુબાની આપવી હોવનુ અને પુરાવા રજુ કરવા હોવાનુ જણાવી નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

(૧). આરોપી જોષી હીતેન્દ્રકુમાર શાંતીલાલ નુ પુરાવાનુ સોગંદનામુ આંક-૨૭

(૨). પહોંચ આંક-૨૧

(૩). પહોંચ આંક-૨૨

(૪).પહોંચ આંક-૨૩

(૫).લોન એકાઉન્ટ ની પાસબુક આંક-૨૪

(૬).લોન એકાઉન્ટ ની પાસબુક આંક-૨૫

(૭). પુરાવો પુરો થયા ની ક્લોઝીગ પુરશીસ-૨૮

૩). આ કામમા ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી મૌખીક રજુઆત કરેલ છે જે દ્યાને લીધી, તેમજ આરોપી પક્ષે તેમના વિ.વ.શ્રી ધ્વારા આંક-૨૯ થી લેખિત રજુઆત કરેલ છે, જે ધ્યાને લીધેલ છે.

નિર્ણાયક મુદ્દાઓ **:-**

૪). ઉપરોક્ત હકીકતે નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણય માટે ઉપસ્થીત થયેલા છે.

૧. શું ફરીયાદ પક્ષ એવું નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદી પાસે થી લીધેલ પર્સનલ ધીરાણ પેટેના બાકી લેણા રુ.૩૯,૪૨૭/- ની ચુકવણી પેટે પોતાના કાયદેસર દેણા અને જવાબદારી પેટે નાણાની ચુકવણી માટે બેંક ઓફ બરોડા, માલવણ શાખા નો ચેક નં ૦૦૦૦૩૨ તા.૦૬/૧૨/૨૦૨૪ ના રોજ નો રુ.૩૯,૪૨૭/- પુરા નો લખી આપેલ, જે ચેક ફરીયાદીએ પોતાના ધી સંતરામપુર અર્બન બેંખ, માલવણ શાખાના ખાતામાં જમા કરાવતા, સદર ચેક વગર સ્વીકારાયે “ફંડ ઈનસફીસીયન્ટ” ના શેરા સાથે તા. ૦૬/૧૨/૨૦૨૪ ના રોજ પરત ફરેલ, જેથી ફરીયાદીએ ચેક પરત ફરેલ હોવા સબંધેની લેખિત નોટીસ પોતાના વકીલ શ્રી મારફતે તા.૨૦/૧૨/૨૦૨૪ ના રોજ આરોપીને આપેલ, જે આરોપી ને નોટીસના સરનામે ૨૧/૧૨/૨૦૨૪ ના રોજ નોટીસ બજેલ હોવા છતાં આરોપીએ નોટીસ મુજબ નુ વર્તન નહી કરી અને ફરીયાદીની કાયદેસરની લેણી રકમ નિયત સમય મર્યાદામાં નહી

ચુકવી અને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮ હેઠળનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

તારણો :-

૫). ઉપરોક્ત મુદ્દાઓના મારા તારણો નીચેના કારણોસર નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ.

-: કા ર ણો :-

મૌખીક પુરાવો :-

૬). આ કામે થયેલ રજુઆત અને દલીલોની ગુણદોષ ઉપર ચર્ચા કરતા પહેલા ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો જોવામાં આવે તો :-

ફરીયાદી રીકવરી ઓફીસર શ્રી ધી સંતરામપુર અર્બન કો.ઓ. બેંક લી. માલવણ શાખા ના ધીકાન્તભાઇ બી. મોદી નુ પુરાવાનુ સોગંદનામુ આંક-૪ નુ રજુ કરેલ છે અને જેમાં પોતાની ફરીયાદ ને સમર્થન કરતો પુરાવો આપેલ છે અને આંક-૯ થી આંક-૧૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, અને જેમાં અસલ ચેક, અસલ રીટર્ન મેમો, આરોપીને આપેલ નોટીસ ની સ્થળપ્રત, નોટીસ રજી.પો.એડી કર્યા ની અસલ પાવતી, પોસ્ટ ખાતાનુ ઓનલાઇન પ્રમાણપત્ર, ફરીયાદ દાખલ કરવા અધિકાર આપતો ઠરાવ ઇત્યાદી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોય, તેમજ આરોપીને નોટીસ ની કાયદેસર ની બજવણી થતાં નોટીસ મુજબનુ વર્તન નહી કરી નેગોશીએબલ ઇન્સટ્રુમેન્ટ એક્ટની જોગવાઇઓનો ભંગ કરેલ હોય, હાલની ફરીયાદ કરવા માટે કાયદેસર કારણ ઉત્પન્ન થયેલ હોવાનુ જણાવેલ છે, આમ આરોપીને નીયત સમય મર્યાદામાં કાયદેસર ની ડીમાન્ડ નોટીસ આપેલ અને જે તેઓના જાણીતા સરનામે મોકલાવેલ, જે આરોપીને કાયદેસર બજી ગયેલ હોવાનુ જણાવેલ છે, આમ નોટીસ આરોપીને બજવા છતાં આરોપીએ ચેકની કાયદેસરની રકમ ભરપાઇ કરેલ ના હોય, કે નોટીસનો જવાબ આપેલ

ના હોય, જેથી હાલની ફરીયાદ નેગોશિયેબલ ઇન્સટ્રુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮ હેઠળ સમય મર્યાદામાં દાખલ કરેલ છે. અને આંક-૧ ની ફરીયાદ માં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જેમાં માંગ્યા મુજબની દાદ આપવા રજુઆત કરેલ છે.

બચાવ પક્ષ તર્ફે પોતાનો બચાવ (ઉલત તપાસ) :-

૭) સદર કામે આરોપી ના વિ.વ.શ્રી ધ્વારા ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જેમાં ફરીયાદીએ જણાવેલ છે કે, હું માલવણ અર્બન બેંકમાં મેનેજર તરીકે બે અઢી વર્ષથી સેવા આપુ છું. એ વાત ખરી છે કે હું બેંકની આર્થીક લેવડ દેવડ ની બાબતોથી પરીચીત છું. એ વાત ખરી છે કે અર્બન બેંકની મેન શાખા સંતરામપુરમાં છે અને ફતેપુરા તથા માલવણમાં પણ તેની શાખા છે. એ વાત ખરી છે કે અર્બન બેંકમાં સભાસદ હોય તેમને બેંકના નિયમ મુજબ અમો લોન આપીએ છીએ. એ વાત ખરી છે કે લોન લેનાર વ્યક્તીએ જ્યારે લોન માટેના અમારી બેંકે નીર્ધારીત કરેલા દસ્તાવેજો પુરા પાડે ત્યારે જ અમારી બેંક લોન મંજુર કરે છે. આ કામના આરોપી અર્બન બેંકના નોમીનલ સભાસદ છે. એ વાત ખરી છે કે કહેવાતા આરોપી પાસેથી તેનુ આધારકાર્ડની ઝેરોક્ષ, બે જામીનદાર, ચુટણીકાર્ડની ઝેરોક્ષ, અને પાનકાર્ડની ઝેરોક્ષ અને બેંક ઓફ બરોડા માલવણ શાખાના કહેવાતા આરોપીના એકાઉન્ટના બે ચેક મેળવ્યા બાદ કહેવાતા આરોપીની લોન મંજુર કરેલ. તા.૨૯/૦૪/૨૩ ના રોજ હાલના કહેવાતા આરોપીની રુપીયા પચાસ હજાર ની લોન મંજુર કરવામાં આવેલી. એ વાત ખરી નથી કે ચેક રજુ કરતી વખતે સ્લીપમાં ચેક નંબર લખવો ફરજીયાત છે. એ વાત ખરી છે કે આંક-૧૦ વાળી સ્લીપમાં રોકડેથી કે ચેકથી બાબતેનુ કોઇ હકીકત જણાવેલ નથી, એ વાત ખરી છે કે આંક-૧૦ વાળી સ્લીપમાં કોઇ ચેક નંબર નો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીએ અમારી બેંકમાં જે તારીકે પૈસા જમા કરાવ્યા હોય તે જ તારીખે તેની પાસબુકમાં એન્ટ્રીમાં હોય,

સવાલ :- સિક્યુરીટી પેટે આરોપીએ રજુ કરેલ ચેક બેંકમાં રજુ કરેલ છે?

જવાબ :- સીક્યુરીટી પેટે આપેલ બંન્ને ચેકો લોન ફાઇલમાં જ છે પરંતુ ઉઘરાણી કરતા આરોપીએ હાલની ફરીયાદ વાળો ચેક આપેલ અને તે અમોએ રજુ કરેલ છે.

સિક્યુરીટી પેટે લીધેલ ચેકોના નંબર હાલ મને યાદ નથી. એ વાત ખરી નથી કે આરોપીના રુપીયા ૩૯,૪૨૭/- બેંકમાં જમા હોવા છતાં તેઓની વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે, એ વાત ખરી નથી કે સિક્યુરીટી પેટે લીધેલ બે ચેક બાદ હાલની ફરીયાદ વાળો ચેક આરોપીએ અમને આપેલ નથી.

કાયદાનો ઉદ્દેશ :-

૮). નેગોશિએબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ ૧૮૮૧ માં ભાર સરકાર ધ્વારા ૧૯૬૯ માં બેંકીગ કમીશન બેસાડી બેંન્કીગ, પબ્લીક ફાયનાન્સીયલ ઈન્સટીટયુટ અને નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એક્ટ અંગે ભલામણો કરવા જણાવેલ અને તદઅનુસાર ભલામણો બાદ બેંન્કીગ ફાયનાન્સીયલ ઈન્સટીટયુટ અને નેગોશીએબલ ઈન્સટૂમેન્ટ લો(એમેન્ડમેન્ટ) એક્ટ ૧૯૮૮ ધ્વારા નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એક્ટ મા પ્રકરણ ૧૭ નો ઉમેરો કરવામાં આવેલ કલમ-૧૩૮ જોવામાં આવેતો :-

" સમગ્ર રીતે અથવા અંશતઃ કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યક્તી પોતે નીભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યક્તીને નાણાંની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક એ ચેક પરત કરે કારણ કે એ ખાતામાની જમા રકમ ચેક સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજુરીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણેની ચેકની રકમ કરતા વધુ છે ત્યારે આવી વ્યક્તીએ ગુનો કર્યાનુ ગણાશે અને આ કાયદાની કોઈ અન્ય જોવાઈઓને બાધ ના આવે તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા અથવા ચેકની રકમની બમણી રકમ સુધીનો દંડ અથવા તે બંન્ને કરવામાં આવશે.

પરંતુ એક ઠરાવ્યુ છેકે,

(એ) જ્યાં સુધી ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત- એ બે માંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંન્કમાં રજુ કરવામાં આવ્યો ના હોય,

(બી) જ્યાં સુધી તે ચેકનો પેઈ અથવા તો યથાનુક્રમે ધારક જેમ હોય તેમ, તે ચેક વણચુક્વયો પરત આવ્યા ની બેન્ક તરફથી તેને માહીતી મળ્યાના "ત્રીસ દિવસ" ની

અંદર તે ચેકના લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચુકવણી ની માંગણી કરે નહી અને

(સી) જ્યાં સુધી એવો ચેક લખનાર ચેકના નાણા લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમે ધારકને જેમ હોય તેમ, ઉપરોક્ત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવમાં નીષ્ફળ જાય નહી ત્યાં સુધી આ કલમનુ કશુ જ લાગુ પડશે નહી ".

ચેક નુ એક્ઝીક્યુશન :-

૯). સદર કેશ ફોજદારી સ્વરુપનો હોય પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવાનો સાબીતીનો બોજો આ કામે ફરીયાદ પક્ષના શીરે રહેલ છે. જેથી ફરીયાદ પક્ષે ભારતીય પુરાવા અધિનીયમ ની કલમ -૧૦૧ થી ૧૦૩ ની જોગવાઇ મુજબ પોતાનો કેસ પુરવાર કરવો પડે. આ ઉપરાંત એન.આઇ.એક્ટ ની જોગવાઇ અનુસાર ફરીયાદ પક્ષના પુરાવાઓનુ ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહેલો છે. સદર કામ નેગોશીયેબલ ઇન્સટુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮ ની જોગવાઇ નજર સમક્ષ રાખી પડેલ પુરાવાઓની મુલવણી કરવાની હોય છે અને આરોપી સામે જ્યારે સદર કાયદાની કલમ-૧૩૮ મુજબના ગુન્હાનો આરોપ ફરીયાદ પક્ષ ધ્વારા મુકવામાં આવેલ હોય ત્યારે ફરીયાદીએ સૌપ્રથમ એવી હકીકત પુરવાર કરવવાની રહે છે કે આરોપી ધ્વારા આપવામાં આવેલ ચેક કાયદેસરના લેણા તથા અન્ય જવાબદારી પેટે આપવામાં આવેલ. વધુમાં સદર કાયદામા અમુક અનુમાન અંગેના પણ પ્રબંધ કરવામાં આવેલ છે અને તેવા અનુમાન નુ આરોપી પક્ષે વાજબી પુરાવા વડે ખંડન કરવાનુ રહે છે, આમ ફરીયાદ પક્ષે રજુ થયેલ પ્રત્યક્ષ તથા પરોક્ષ પુરાવાનાં સંદર્ભમાં કાયદાની જોગવાઇઓ ધ્યાને લઇ ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮ વંચાણે લેતાં,

"સમગ્ર રીતે અથવા અંશતઃ કોઇપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઇ વ્યક્તી પોતે નિભાવતા હોય તેવા ખાતા ઉપરનો ચેક આ ખાતામાથી બીજી વ્યક્તીને નાણાં ની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને આવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક પરત કરે, કારણ કે એ ખાતામાંની જમા રકમ ચેકનાં સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજુતીથી કરેલ વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેક ની રકમ આ રકમ કરતા વધુ છે, ત્યારે આવી વ્યક્તીએ ધી નેગોશીયેબલ ઇન્સટુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮ ની પેટા કલમ

(એ)(બી)(સી) ની શરતોને આધીન ગુન્હો કરેલ છે તેમ કહેવાય, જેમા દેવુ અથવા અન્ય જવાબદારી એટલે કે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવુ અથવા અન્ય જવાબદારી આ પ્રકારનો કાયદામાં સ્પષ્ટ ખુલાસો કરવામાં આવેલ છે.

ક્રિષ્ણા જનાર્દન ભટ વિ.દત્તાત્રય જી. હેગડે ૨૦૦૮(૪)એસસીસી ૫૪ ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે,

section 138 of the Negotiable Instruments Act as three ingredients viz. (i) that there is a legally enforceable debt; (ii) that the chequewas drawn from the account of bank for discharge in whole or in part of any debt or other liability which presupposes a legally enforceable debt; and (iii) that the cheque so issued had been returned due to insufficiency of funds.

૧૦). આ હકીકતને જોતાં, કોઈપણ વ્યક્તીએ તેનુ કાયદેસરનુ દેવું અને જવાબદારી અદા કરવા માટે પોતાના ખાતાનો ચેક કોઈની તરફેણમાં લી આપે અને તે ચેક મુજબની રકમ લખનારના ખાતામાં જમા ના હોય, અને ઈનસફીસીયન્ટ ફંડ ના કારણે ચેક પરત ફરે તો ધી નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એંક્ટ ની કલમ-૧૩૮ હેઠળ ગુન્હો બને છે તેમ કાયદામાં સ્પષ્ટ જોગવાઈ છે, પરંતુ તેવું દેવું અને જવાબદારી કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવું હોવું જોઈએ, તેમ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮માં સ્પષ્ટતા કરવામાં આવેલી છે. જ્યારે ફરીયાદીએ આરોપી સામે એન.આઈ.એક્ટ ની કલમ-૧૩૮ મુજબના ગુન્હાની ફરીયાદ કરેલ હય ત્યારે તે સંજોગોમાં સદર કાયદાની કલમ-૧૩૯ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

S.139 Presumption in favour of holder

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, or any debt or other liability.

આમ સદર ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ સાથે એન.આઈ.એક્ટ ની કલમ -૧૧૮ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

S.118 Presumptions as to negotiable instruments

Until the contrary is proved, the following presumptions shall be made:

(a) of consideration: that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred for consideration;

(b) as to date: that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) as to time of acceptance: that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) as to time of transfer: that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) as to order of endorsements: that the endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) as to stamps: that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) that holder is a holder in due course : that the holder of a negotiable instrument is a holder in due course; provided that, where the instrument has been contained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

આમ ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો સદર બંન્ને જોગવાઈઓ લેણા પેટે અનુમાન કરવા સંદર્ભે છે.

૧૧).ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ -૧૩૮ તથા કલમ-૧૩૯ અને ૧૧૮ ના અનુમાનો સબંધી ઉપરોક્ત જોગવાઈઓ દ્યાને લેતા આ કામના ફરીયાદીએ પોતાની

આંક-૪ ની સોગંદ ઉપરની જુબાની માં પોતાની આંક-૧ ની ફરીયાદમાં જણાવેલી તમામ હકીકતોનુ અક્ષરસહ પુનરાવર્તન કરેલ છે, જેથી સરતપાસના સોગંદનામાનુ અત્રે પુનરાવર્તન કરેલ નથી. આ કામના ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રીએ વિગતવારની ઉલટ તપાસ કરેલ છે, અને જેમાં પોતાનો મુખ્યત્વે બચાવ લીધેલ છે કે હાલના ફરીયાદીના કોઈ કાયદેસરના લેણા નથી અને હાલનો ચેક કાયદેસરના દેવા પેટે આપેલ નથી પરંતુ પર્સનલ ધીરાણ મેળવતા સમયે સીક્યુરીટી પેટે આપેલ ચેક નો દુરઉપયોગ કરી હાલની ખોટી ફરીયાદ કરેલ છે.

૧૨). ઉપરોક્ત નોંધાયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા ધી નેગોશીએબલ ઇન્સટુમેન્ટ એક્ટ ના પ્રબંધો તેમજ તે અંતર્ગત નામદાર સુપ્રીમકોર્ટ તેમજ નામદાર વડી અદાલત ના અસંખ્ય પ્રસ્થાપીત સિધ્ધાંતો મુજબ તેમજ ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઇઓ મુજબ મુલ્યાંકન કરવાની જે કાર્યરીતી પ્રસ્થાપીત થયેલ છે તેની જ ચર્ચા કરીએ તો ધી નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટ-૧૩૮ ની ફરીયાદ સબબ ફરીયાદીએ સૌપ્રથમ સદરહુ કાયદાની કલમ-૧૧૮ અને ૧૩૮ ના અનુમાનો પોતાની તરફેણમાં કરવા માટે મુદત અંદરના ચેક, રીટર્ન મેમા, ડીમાન્ડ નોટીસ અને બજવણી અંગેના પોસ્ટ ખાતાના આધારો રજુ કરવાના રહે છે અને તે પ્રાથમીક જવાબદારી ફરીયાદ પક્ષે પુર્ણ થયા બાદ તે અનુમાનોનુ ખંડન કરવાની જવાબદારી આરોપી પક્ષે રહે છે. સદરહુ ખંડન આરોપી પક્ષે સબળ મૌખીક તેમજ દસ્તાવેજી આધાર પુરાવાથી કરવાનુ રહે છે. અત્રે ઉલ્લલેખનીય છે કે સદરહુ ખંડન કરવાની આરોપી પક્ષની જવાબદારી ફરીયાદ પક્ષની જવાબદારી ની જેમ નીઃશંક પણે પુરવાર કરવાની રહેતી નથી, પરંતુ શક્યતાની પ્રબણતાના આધારે (પ્રીપ્રોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી) ના સિધ્ધાંન્ત મુજબ કરવાની રહે છે અને સદરહુ શક્યતાની પ્રબળતા એક ડહાપણ ભરી સામાન્ય બુધ્ધીથી તેવી શક્યતાને માની શકાય તેમ છે કે માની સકાય તેમ નથી તેના આધારે મુલ્યાંકન કરવાનુ રહે છે. અને આ રીતે સામાન્ય ડહાપણ ભરી બુધ્ધીથી આરોપી ધ્વારા જો શક્યતાને પ્રબળતા ઉભી કરાયેલ હોય અને તેનાથી માની શકાય તેમ હોય કે ફરીયાદીની લેણી નીકળતી રકમ હોવાનુ પુરવાર કરવાની સાબીતીનો બોજો નીઃશંકપણે પુરવાર કરવાનાં સિધ્ધાંતને અનુસરવી પડે છે અને તે પુરવાર કરવામાં ફરીયાદી સફળ થાય કે નહી તેના આધારે ફરીયિાદનો અંતીમ નિર્ણય

લેવાનો રહેતો હોય છે. ધી નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એક્ટ -૧૩૯ વંચાણે લેતા તેમાં ચેકના ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ છે સદરહુ કલમના શરુઆતના શબ્દો “ એથી વિરુધ્ધ નુ સાબીત થાય તે સિવાય” એવું દર્શાવે છે કે, સદર અનુમાન ફક્ત પુરવાર કરી દુર કરી શકાય માત્ર ખુલાશાથી નહી. સદર હકીકત સીધી રીતે પુરવાર કરવામાં આવેલ કે કોર્ટ સમક્ષ પડેલ સામગ્રીના અધારે તેવી હકીકતનુ અસ્તીત્વમાં હોવાનુ અનુમાન થાય. સદર કામે ફરીયાદ પક્ષનો કેસ એવો છે કે, તેઓએ તહોમતદારને તેની માંગણી મુજબ પર્સનલ ધીરાણ બેંન્ક ની શરતો મુજબ આપેલા અને જે ચેક મુજના નાણા કાયદેસરના લેણા છે અને તેની ઉઘરાણીમાં વાદગ્રસ્ત ચેક આપેલો તેના અનુસંધાને આરોપીનો ક્રીમીનલ પ્રોસીઝર કોડ ની કલમ-૩૧૩ મુજબનુ વધારાનુ નિવેદન ધ્યાને લેવામાં આવે તો,

“ફરીયાદ ની વિગતો ખોટી છે, ખોટી રીતે ચેક બાઉન્સ કરાવેલ છે” તેમ જણાવેલ છે. પરંતુ પોતાના ચેક વાળા ખાતામાં નાણા હતા અને લોન ખાતામાં ચુકવણી કરતા હતા તેમ છતાં હાલની ખોટી ફરીયાદ કરેલ હોય તેવો પુરાવો બચાવ પક્ષે રજુ કરેલ નથી, જેથી બચાવ પક્ષે માત્ર તકરાર ઉભી કરેલ છે પરંતુ તકરાર નુ ખંડન કરતો પુરાવો રજુ કરેલ નથી, જેથી બચાવ પક્ષનો બચાવ માની શકાય તેમ નથી.

નામદાર સર્વોચ્ચ અદાલતે “**રંગપ્પા વિ. મોહન એ.આઇ.આર ૨૦૧૦ એસ.સી. ૧૯૮૮**” માં ઠરાવેલ છે કે,

Section 139 is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies the strong criminal remedy in relation to the dishonour of the cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. The Court however, further observed that it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong

whose money is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the defendant accused cannot be expected to discharge an unduly high standard of proof". The Court further observed that it is a settled position that when an accused has to rebut the presumption under Section 139 the standard of proof fordoing so is all preponderance of probabilities.

ના.સુપ્રિમ કોર્ટના ચુકાદા બસલીંગપ્પા વી. મુદીબસપ્પા ૨૦૧૯(૫)એસસીસી ૪૧૮ ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

"23. We having noticed the ratio laid down by this Court in the above cases on Section 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:

23.1. Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

23.2. The presumption Under Section 139 is a rebuttable presumption and the onus is on the Accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

23.3. To rebut the presumption, it is open for the Accused to rely on evidence led byhim or the Accused can also rely on the materials submitted by the complainant inorder to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

23.4. That it is not necessary for the Accused to come in the witness box in support of his defence,

Section 139 imposed an evidentiary burden and not a persuasive burden.
23.5. It is not necessary for the Accused to come in the witness box to support his defence."

સદર કલમ-૧૩૯ હેઠળ અનુમાનનુ ખંડન આરોપી પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત ના આધારે કરવાનુ રહે છે એટલે કે જો આરોપી કાયદેસરનુ દેવુ અથવા જવાબદારી વિશે શંકા ઉભી કરવામાં સફળ થાય તો ફરીયાદ પક્ષ નીષ્ફળ જશે. આરોપીએ પોતાનો બચાવ ફરીયાદ પક્ષની રજુ થયેલ સામગ્રી ઉપરથી કરી શકાશે અને અનુમાનનુ ખંડન કરવા આરોપીએ પોતાના પુરાવા આપવાની જરુર નથી. સદર ગુન્હો એન.આઇ.એક્ટ ની કલમ-૧૩૮ હેઠળ દાખલ કરેલ છે તે સંજોગોમાં સદર ગુનાના આવશ્યક તત્વો ધ્યાને લેવા જરુરી જણાય છે, નામદાર સર્વોચ્ચ અદાલતે **Jugesh Sehgal v. Shamsher Singh Gogi, (2009) 14 SCC 683,** ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે,

"9. It is manifest that to constitute an offence under section 138 of the Act, the following ingredients are required to be fulfilled:
(i) a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account;
(ii) The cheque should have been issued for the discharge, in whole or in part, of any debt or other liability;
(iii) that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier;
(iv) that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank;
(v) the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to

the drawer of the cheque, within 15 days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;
(vi) the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice;
10. Being cumulative, it is only when all the aforementioned ingredients are satisfied that the person who had drawn the cheque can be deemed to have committed an offence under section 138 of the Act.”

૧૩). વધુમાં બચાવ અનુસંધાને ચેક સીક્યુરીટી પેટે આપેલ તેમાનો ચેક છે તેવું પુરવાર કરતો પુરાવો પણ રજ કરેલ નથી, તેમજ એન.આઇ.એક્ટ ની જોગવાઇ મુજબ માત્ર સહી કરી ચેક આપેલ હોય તો પણ ચેક નો ધારણકર્તા તે ચેક ભરી અને પોતાના નાણા મેળવી શકે છે તેવી સ્પસ્ટ જોગવાઇ કરવામાં આવેલ છે, તે ઉપરાંત આરોપીએ પોતાનો ચેક તેમના પર્સનલ ધીરાણ સમય સીક્યુરીટી પેટે આપેલ હોવાના કથનો કરેલા છે અને તે પુરવાર કરવા બેંન્કના લોન અધિકારીને આ કામે તપાસેલા નથી, જેથી આરોપી પોતાનો બચાવ પણ પુરવા કરી શકેલા નથી તેમ મારુ માનવુ છે અને નામદાર સર્વોચ્ચ અદાલત ના Bir Singh v Mukesh Kumar, Criminal Appeal No.230- 231 2019, ના ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંન્ત હાલના કામે લાગુ પડે છે, જેમાં ઠરાવેલ છે કે, કોરો ચેક સહી કરીને ધારકને આપે અને ચેકના ધારક ધ્વારા વિગતો ભરવામાં આવેલ હોય તો પણ જ્યાં સુધી કલમ-૧૩૯ ના અનુમાનનુ ખંડન કરવામાં ના આવે ત્યાં સુધી કાયદેસરના લેણા પેટે ચેક આપેલાનુ અનુમાન કરવાનુ રહેશે. સદર ચુકાદાના પેરા-૩૭ અને પેરા-૩૮ માં પ્રસ્થાપીત કરેલ છે કે,

“37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque

had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.
38. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.”

વધુમાં આરોપી પક્ષે ફરીયાદીને સીક્યુરીટી પેટે ચેક આપવામાં આવેલ હોવાની તકરાર લીધેલ છે જે અંગે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા Sampelly Satyanarayana Rao Versus Indian Renewable Energy Development Agency Limited (decided on 19 September, 2016) ના ચુકાદામાં પણ ઠરાવેલ છે કે, કાયદેસરના લેણા પેટે આપેલ સીક્યુરીટી ચેકનો સમાવેશ પણ એન.આઇ.એક્ટ ની કલમ-૧૩૮ હેઠળના કાર્યવાહીમાં થાય છે, આમ આરોપી કાયદેસરના લેણા બાબતે શંકા ઉપજાવવામાં નીષ્ફળ ગયેલ હોવાનુ મારુ માનવુ છે.

૧૪). વધુમાં આરોપી પક્ષે નોટીસ મળ્યા બાબતે કોઇ તકરાર લીધેલ નથી, અને ફરીયાદીની નોટીસનો જવાબ આપેલ નથી, અને તે બાબતે ફરીયાદીને ઉલટ તપાસમાં પણ પ્રશ્નો પુછેલા નથી, આરોપી પક્ષ પોતાનો બચાવ પુરવાર કરી શકેલા નથી તેમ મારુ માનવુ છે અને તે અંગે C.C. Alavi Haji Vs. Palapetty Muhammed & Anr. 2007(5) Supreme 277 ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે જનરલ ક્લોઝીસ એક્ટ ની કલમ -૨૭ તથા વટાઉખત અધિનીયમ ની કલમ ૧૩૮ હેઠળ નોટીસના ઉદ્દેશ્યને લક્ષમાં રાખી નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે યોગ્ય સરનામે નોટીસ મોકલવાથી તેની બજવણીને અનુમાન છે, તેમજ નોટીસ મળેલ નાહોય તેવી તકરાર હોય તો તેવા કિસ્સામાં પણ પક્ષકારને કોર્ટમાં ફરીયાદ ની નકલ

સાથેનો સમન્સ મળેથી દિન-૧૫ માં રકમની ચુકવણી કરી શકે છે. તે સંજોગોમાં પણ એન.આઇ.એક્ટ ની મેન્ડેટરી જોગવાઇ મુજબ કાયદેસરની ડીમાન્ડ નોટીસ આપેલ હોય અને તેનો આરોપીએ લેખિત જવાબ આપેલ ના હોય, નોટીસ ની યોગ્ય બજવણી માની શકાય ત્યારે આરોપીએ ખોટો બચાવ કરવા કોઇ જવાબ આપેલ નહી હોવાનુ માનવા યોગ્ય જણાય છે.

૧૬). વધુમાં બચાવ પક્ષે સીક્યુરીટી પેટે નો ચેક હોવાના કથનો કરી અને હાલનો ખોટો કેસ કરેલ હોવાના કથનો કરેલા છે, પરંતુ તે અંગે અને કાયદેસરના લેણા નહી હોવા અંગે કોઇ શંકા ઉત્પન્ન કરી શકેલા નથી કે કોઇ ખંડનાત્મક પુરાવો રજુ કરી શકેલા નથી. તે સંજોગોમાં ROHITBHAI JIVANLAL PATEL VS. STATE OF GUJARAT & ANR. CRIMINAL APPEAL NO. 508 OF 2019 (Arising out of Special Leave Petition (Crl.) 1883 of 2018) ના તા. ૧૫/૦૩/૨૦૧૯ ના રોજના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,જ્યાં સુધી આરોપી પોતાનો બચાવ પુરવાર ના કરે ત્યાં સુધી વટાઉખત અધિનીયમ ની કલમ ૧૧૮ અને ૧૩૮ હેઠળના અનુમાનને લક્ષમાં લેતા ફરીયાદીએ દાવાની જેમ પોતાની લેણી રકમ પુરવાર કરવાની રહેતી નથી, તેમજ ફક્ત શંકા ઉત્પન્ન કરવાથી પણ આરોપીએ પોતાના ઉપર રહેલ અનુમાનનુ ખંડન કરવામાં સફળ થયેલ ગણી શકાય નહી. સદર ચુકાદાના જરુરી પેરા સરળતા ખાતર અત્રે નોંધેલ છે.

" 19. Hereinabove, we have examined in detail the findings of the Trial Court and those of the High Court and have no hesitation in concluding that the present one was clearly a case where the decision of the Trial Court suffered from perversity and fundamental error of approach; and the High Court was justified in reversing the judgment of the Trial Court. The observations of the Trial Court that there was no documentary evidence to show the source of funds with the respondent to advance the loan, or that the respondent did not record the transaction in the form of receipt of even kachcha notes, or that there were inconsistencies in the statement of the complainant and his witness, or

that the witness of the complaint was more in know of facts etc. would have been relevant if the matter was to be examined with reference to the onus on the complaint to prove his case beyond reasonable doubt. **These considerations and observations do not stand in conformity with the presumption existing in favour of the complainant by virtue of Sections 118 and 139 of the NI Act. Needless to reiterate that the result of such presumption is that existence of a legally enforceable debt is to be presumed in favour of the complainant. When such a presumption is drawn, the factors relating to the want of documentary evidence in the form of receipts or accounts or want of evidence as regards source of funds were not of relevant consideration while examining if the accused has been able to rebut the presumption or not.** The other observations as regards any variance in the statement of complainant and witness; or want of knowledge about dates and other particulars of the cheques; or washing away of the earlier cheques in the rains though the office of the complainant being on the 8th floor had also been of irrelevant factors for consideration of a probable defence of the appellant. Similarly, the factor that the complainant alleged the loan amount to be Rs. 22,50,000/- and seven cheques being of Rs. 3,00,000/- each leading to a deficit of Rs. 1,50,000/-, is not even worth consideration for the purpose of the determination of real questions involved in the matter. May be, if the total amount of cheques exceeded the alleged amount of loan, a slender doubt might have arisen, but, in the present matter, the total amount of 7 cheques is lesser than the amount of loan. Significantly, the specific amount of loan (to the tune of Rs. 22,50,000/-) was distinctly stated by the accused-appellant in the aforesaid acknowledgment dated 21.03.2017. 20. On perusing the order of the Trial

Court, **it is noticed that the Trial Court proceeded to pass the order of acquittal on the mere ground of 'creation of doubt'. We are of the considered view that the Trial Court appears to have proceeded on a misplaced assumption that by mere denial or mere creation of doubt, the appellant had successfully rebutted the presumption as envisaged by Section 139 of the NI Act. In the scheme of the NI Act, mere creation of doubt is not sufficient."**

<u>શું ફરીયાદ પક્ષ ધ્વારા કાયદાકીય જોગવાઈઓનુ પાલન કરવામાં આવેલ છે?</u>

૧૭). હવે જ્યારે ફરીયાદ પક્ષે નેગોશીએબલ ઈન્સટુમેનટ્ર એક્ટ ની કલમ -૧૩૯ નુ કાનુની અનુમાન ફરીયાદીની તરફેણમાં થયેલ છે અને એટલે કે આરોપી એ ફરીયાદી પાસે થી લીધેલા પર્સનલ ધીરાણ પેટે ના નાણા ની કાયદેસરની પરત ચુકવણી કરવા માટે આરોપીએ પોતાના ખાતાનો ચેક લખી આપેલા જે પોતાની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે પોતાના ખાતાનો આપેલાનુ સાબીત થયેલ છે અને કાયદેસરના લેણા ની ચુકવણી પેટે આરોપીએ સદર ફરીયાદ વાળો ચેક ફરીયાદી ને આપેલ હોવાનુ કાનુની અનુમાન બચાવ પક્ષ તોડવામાં નીષ્ફળ ગયેલ છે, ત્યારે આરોપી સામે કલમ-૧૪૨ અન્વયેનુ કોઝ ઓફ એક્શન ઉભૂ થયેલ હોવાનુ કહી શકાય. આથી સમગ્ર પુરાવો જોતાં નીચેની હકીકતો પુરવાર થયેલ હોવાનુ માની શકાય તેમ છે.

૧. સવાલવાળો ચેક આરોપી નીભાવતા હતા તે પોતાના ખાતાનો આરોપીએ પોતાની કાયદેસરની જવાબદારી અદા કરવા ફરીયાદી ને આપેલ છે.
૨. આ ચેકમાં સહી આરોપીની જ છે અને તેમના ખાતાનો ચેક છે તેથી વિરુધ્ધનુ આરોપી સાબીત કરી શકેલા નથી.
૩. ચેક પરત થયાની નીયત સમયમાં કલમ-૧૩૮ હેઠળ જરુરી ડીમાન્ડ નોટીસ ફરીયાદી એ આરોપીને તેમના જાણીતા સરનામે આપેલ, જેની બજવણી થતા કોઈ જવાબ આપેલ નથી.

૪. જેથી ફરીયાદી ને હાલની ફરીયાદ માટેનુ કાયદેસર કારણ ઉપસ્થીત થયેલ છે તેમ માનવાને કારણ રહે છે.

અંતિમ નિષ્કર્ષ :-

૧૮). ઉપરોક્ત તમામ હકીકતો ને લક્ષમાં લેતા આ કામમા ફરીયાદ પક્ષ આરોપી સામેની હકીકતો નિ:શંક પણે પુરવાર કરવામાં સફળ થયેલા છે, ફરીયાદી ને આરોપીએ તેમના કાયદેસરના દેણા માટે હાલની ફરીયાદ વાળો ચેક આપેલ હોવાનુ પુરવાર થયેલ છે. ચેક કાયદેસરના દેણા માટેનો ના હતો, તેવી હકીકત બાબતે ફરીયાદ પક્ષના પુરાવામાંથી કોઇ ફળદાયક હકીકત ઉલટ તપાસ કરી બહાર લાવી શકેલા નથી, આપેલો ચેક કાયદેસર દેવા માટેનો ના હતો, તેવી હકીકત પુરવાર કરવાનો બોજો નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ આરોપી પર હોય, આરોપી ધ્વારા તેવો બોજો હળવો કરવાનો જે પ્રયાસ ઉલટ તપાસ સ્વરુપે કરેલ છે તેમાં સફળ થયેલા નથી, તેવા સંજોગોમાં આ કામમા રેકર્ડ ઉપરની અન્ય હકીકતો જોતાં, ફરીયાદ પક્ષ ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલી હકીકતો જોતાં ચેક આરોપી ધ્વારા કાયદેસરના લેણા પેટે જ આપવામાં આવેલ હતો તેવું પુરવાર થતુ હોય, આમ સમગ્ર ચર્ચાને લક્ષમાં લેતા ફરીયાદ પક્ષે પોતાના કાયદેસરના લેણા પુરવાર કરી શકેલા છે અને આરોપીએ કાયદેસરની જવાબદારી પેટે ફરીયાદ વાળો ચેક આપેલ હોવાની હકીકત પુરવાર કરી શકેલા હોય, અને જેથી ફરીયાદીની હાલની કાયદેસરની ફરીયાદ હોવાનુ પુરવાર થતુ હોય, મુદ્દા નં-૧ નો જવાબ હકારમાં ઠરાવું છું,અને મુદ્દા નં -૨ બાબતે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

-:: આખરી હુકમ ::-

૧. ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ -૨૭૮(૨) મુજબ આ કામના આરોપી જોષી હિતેન્દ્રકુમાર શાંતિલાલ રહે. મુ.પો. માલવણ, તા.કડાણા, જી.મહીસાગર વાળા નાઓ ને નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮ મુજબ ના ગુના માટે તકસીરવાન ઠરાવી ૬-(છ) માસ ની સાદી કેદની સજા ફરમાવું છું .

૨. વધુમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-૩૯૫(૩) ની જોગવાઇ મુજબ આરોપી એ ચેક ની રકમ એટલે કે રુ.૩૯,૪૨૭/- અંકે રુપીયા ઓગણચાલીસ

હજાર ચારસો સત્તાવીસ પુરા આ હુકમ તારીખ થી દીન-૩૦ માં ફરીયાદીને વળતર પેટે ચુકવી આપવા હુકમ ફરમાવું છું. જો આરોપી વળતર ની રકમ ચુકવવામાં નીષ્ફળ જાય તો આરોપીએ વધુ ૩-માસ ની સાદી કેદ ની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૩. ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ- ૪૦૪(૧) મુજબ આરોપી ને આ હુકમની એક નકલ તાત્કાલીક વિના મુલ્યે આપવા હુકમ કરવામાં આવે છે.

૪. આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જામીન ખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૨ માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કડાણા/દિવડા કોલોની
તા.૦૨/૦૬/૨૦૨૬

જયેશ વાલજીભાઇ ચૌહાણ
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
કડાણા @ દીવડા કોલોની
જજ કોડ નંબર- જીજે ૦૧૪૩૧